ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



પિયુષ વી મકવાણા
મો. ૯૮૨૪૨ ૭૭૩૧૭

# ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ તરીકે નટવર હેડાઉ

ગાંધીનગર, તા. ૨૩

છેલ્લાં વીસ વર્ષથી સતત કાર્યરત અને સર્જકો તથા ભાવકો વચ્ચે સેતુરૂપ સાહિત્ય સંસ્થા 'ગાંધીનગર સાહિત્ય સભા'ની સાધારણ સભામાં બહોળા પ્રમાણમાં ઉપસ્થિત સદસ્યો દ્વારા વર્ષ ૨૦૧૭થી ૨૦૨૦ માટે સર્વાનુમતે પ્રમુખની વરણી પ્રક્રિયામાં ભરત કવિ દ્વારા અનુગામી તરીકે કવિ, સાહિત્યકાર, કૉલમીસ્ટ નટવર હેડાઉના નામની દરખાસ્ત કરવામાં આવી હતી, જેને સૌએ ઉત્સાહભેર આવકારી અનુમોદન આપતાં ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ તરીકે નટવર હેડાઉની વરણી કરવામાં આવી છે.



નટવર હેડાઉનાં કાવ્યસંગ્રહ, નવલકથા, નવલિકા, વિવેચન, અનુવાદ, સામાજિક કથાઓ, પ્રેરક લેખો, સાહિત્યિક લેખો, બાળ સાહિત્ય જેવાં સાહિત્યનાં વિવિધ સ્વરૂપોનાં ૩૫ જેટલાં પુસ્તકો પ્રગટ થયાં છે. સાહિત્યનાં જાણીતાં સામયિકો તેમજ ચાર જેટલાં દૈનિકોમાં તેમની કૉલમ પ્રકાશિત થઈ રહી છે. સાહિત્યનાં અનેક ઍવોર્ડ અને સન્માન તેમને પ્રાપ્ત થઈ ચૂક્યાં છે.

ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ તરીકે તેમની વરણી થતાં સાહિત્યકાર મિત્રો, ભાવકો અને વાચકો દ્વારા આનંદની લાગણી વ્યક્ત કરી તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# શ્રીમદ્ ભગવદ્ગીતા ચિરંજીવ છે અને રહેશે



## કરસનભાઈ વાલજીભાઈ પટેલની પ્રેરણાથી પ્રકાશિત ગીતાજ્ઞાનની સરવાણી વહાવતા પુસ્તક 'શ્રીમદ્ ભગવદ્ગીતા'નું લોકાર્પણ કરાયું

ગાંધીનગર, તા. ૧૯

કરસનભાઈ વાલજીભાઈ પટેલની પ્રેરણાથી પ્રકાશિત ગીતાજ્ઞાનની સરવાણી વહાવતા પુસ્તક 'શ્રીમદ્ ભગવદ્ગીતા'નું લોકાર્પણ શનિવારે રાત્રે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આયોજિત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઊંઝા વિસ્તારના ધારાસભ્ય અને ઉમિયા માતા સંસ્થાન ટ્રસ્ટ, ઊંઝાના પ્રમુખ નારણભાઈ લલ્લુભાઈ પટેલ (નારણકાકા), મુખ્ય વક્તા તરીકે નિવૃત્ત સનદી અધિકારી ભાગ્યેશ જહા અને અતિથિ વિશેષ તરીકે સાધના સાપ્તાહિકના તંત્રી મુકેશભાઈ શાહ તથા ઉદ્યોગપતિ રાજેન્દ્રભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. અતિથિઓ ઉપરાંત કરસનભાઈ પટેલે પણ આ પ્રસંગે આશીર્વચન પાઠવ્યા હતા. ઉદ્ઘોષક મનોજ શુક્લએ પુસ્તકનો પરિચય આપતાં જણાવ્યું હતું કે જે લોકો દરરોજ જૂદું જીવે છે એ ગીતાના સાચા ઉપાસક છે, એવું વિનોબાજી કહેતા હતા.

પુસ્તકના લેખક રાજ ભાસ્કર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે 'શ્રીમદ્ ભગવદ્ગીતા એ ચિરંજીવ છે ને રહેશે. પહેરવેશ તરીકે જિન્સને બદલવાની જરૂર નથી પરંતુ શરીરના જિન્સમાં ગીતા ઉતારવાની જરૂર છે.'

ઊંઝા વિસ્તારના ધારાસભ્ય નારણભાઈ પટેલે હળવી શૈલીમાં પોતાનું પ્રવચન આપ્યું હતું અને સૌને ખૂબ હસાવ્યાં હતાં. રાજેન્દ્ર શાહે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે માનવમાંથી મહામાનવ બનવાનો રાહ આપણને ગીતા બતાવે છે.

ભાગ્યેશ જહાએ ગીતામાં કૃષ્ણના માધ્યમથી અપાયેલા ઉપદેશનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે કૃષ્ણ ગમે તે પરિસ્થિતિમાં પણ સમ રહીને આપણને તેમ કરવા પ્રેરે છે, તે આપણને શીખવે છે કે દર્દ ને નિરાશાથી હારવું કે ભાંગવું જોઈએ નહીં. જેમની પ્રેરણાથી આ પુસ્તક તૈયાર થયું તે કરસનભાઈ પટેલે આ પુસ્તકની પાંચ હજાર નકલો નિઃશુલ્ક વહેંચવાની જાહેરાત કરતાં આ પુસ્તકના પ્રકાશન બદલ પોતાના પુત્રો - રવજીભાઈ, કાન્તિભાઈ, ગંગારામભાઈ અને રમેશભાઈ પર ગર્વ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના અંત ભાગમાં આભાર દર્શન ડૉ. દિલીપભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

સૌથી વધારે વજન
ખાલી ખિસ્સાનું હોય છે
ચાલવુંય
અઘરું થઈ પડે છે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્કીન-૨**
બાહુબલિ-૨
૨.૩૦, ૬.૦૦, ૯.૩૦

**સ્કીન-૩**
હાફ ગર્લફ્રેન્ડ
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦

**સ્કીન-૪**
કરસનદાસ પે ઍન્ડ યુઝ
(ગુજરાતી)
૧૨.૪૫, ૩.૪૫
૬.૪૫, ૯.૪૫

**સ્કીન-૫**
હાફ ગર્લફ્રેન્ડ
સવારે ૧૦.૦૦
બાહુબલિ-૨
૧૨.૩૦
હિન્દી મીડિયમ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

# પી. જી. મેડિકલમાં રિશફલિંગ પૂર્ણ

ગાંધીનગર, તા. ૨૩

પી.જી.મેડિકલમાં પ્રવેશની કાર્યવાહી પૂર્ણ થાય બાદ ખાલી પડેલી બેઠકો માટે રિશફલિંગની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. આજે છેલ્લા દિવસે રિશફલિંગની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જુદી જુદી કેટગરીની ૨૯ સહિત કુલ ૨૧૬ બેઠકો ખાલી પડી હતી. અગાઉ પહેલા રાઉન્ડ પછી પણ ૧૭૪ જેટલી બેઠકો ખાલી પડી હતી. તાજેતરમાં ભારત સરકાર દ્વારા પી.જી.મેડિકલની મહત્વની ગણાતી બેઠકો ખાલી ન પડે તેવી તાકીદ કરવામાં આવી છે. જેના પગલે પી.જી. પ્રવેશ સમિતિ દ્વારા પણ ખાલી બેઠકો માટે નવેસરથી રાઉન્ડ કરવો પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. આ અંગે મંગળવારે નિર્ણય કરવામાં આવે તેવી શકયતા છે.

નીટના આધારે પહેલી વખત પી. જી. મેડિકલમાં કોમન કાઉન્સેલિંગ અને સિંગલ વિન્ડો સીસ્ટમ પ્રમાણે કાર્યવાહી કરવામાં આવી હતી. છેલ્લા ત્રણ દિવસથી રિશફલિંગ પ્રક્રિયા શરૂ કરાઈ હતી. આજે આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ ૨૧૬ જેટલી બેઠકો ખાલી પડી હતી. જેમાં જુદી જુદી કેટેગરીની ૨૯ બેઠકોનો પણ સમાવેશ થાય છે. આમ, પહેલા રાઉન્ડમાં ખાલી પડેલી ૧૭૪ અને બીજા રાઉન્ડમાં ખાલી પડેલી ૧૮૬ અને ૨૯ બેઠકો મળીને કુલ ૩૬૦ જેટલી બેઠકો ખાલી પડી છે. મોટાભાગની બેઠકો નોન ક્લિનિકલથી આ બેઠકો ભરવા માટે ઓલ ઈન્ડિયામાંથી અરજીઓ મંગાવવામાં આવી છે.કેન્દ્ર સરકારની સૂચના પ્રમાણે પી.જી.મેડિકલ પ્રવેશ સમિતિએ પણ ખાલી બેઠકો માટે ફરીવાર રિશફલિંગ પ્રક્રિયા કરવી પડે તેમ છે.

# હરેકૃષ્ણ મંદિર, ભાડજ ખાતે કલ્ચરલ કેમ્પ-૨૦૧૭ સંપન્ન



ગાંધીનગર, તા. ૨૩

હરેકૃષ્ણ મંદિર ખાતે ૧૫ દિવસથી આયોજીત કલ્ચરલ કેમ્પની ગઈકાલે સમાપ્તિ ટેલેન્ટ દિનની ઉજવણી સાથે થઈ. આ દરમ્યાન બાળકો દ્વારા કથક નૃત્ય, કૃષ્ણલીલા વિષયવસ્તુ પર ડ્રામા, ભજન, શ્લોકા ચેન્ટીંગ, વગેરે મોડયુલ્સનું સ્ટેજ પર્ફોરમન્સ રજૂ કરવામાં આવ્યુ હતું. આ માટે બાળકોને કેમ્પ દરમ્યાન જરૂરી ટ્રેનિંગ આપવામાં આવી હતી. હરેકૃષ્ણ મંદિર દ્વારા દર વર્ષે ધોરણ ૧ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે વિવિધ સાંસ્કૃતિક અને શૈક્ષણિક મોડયુલ્સના સમાવેશ કરતા કલ્ચરલ કેમ્પનું ઉનાળાના વેકેશન દરમ્યાન આયોજન કરવામાં આવે છે. આ કેમ્પનો મુખ્ય ઉદેશ તેઓમાં સાંસ્કૃતિક મૂલ્યોનો વિકાસ કરવાનો અને તેઓમાં આધ્યાત્મિકતા પ્રત્યે સભાનતા કેળવવાનો હોય છે. આ રીતનું જ્ઞાન તેઓને લાંબાગાળે સમાજમાં શુદ્ધ, સંસ્કારી અને સુસંસ્કૃત નાગરિક બનવામાં મદદરૂપ થાય છે અને તેઓ તેમના વ્યક્તિગત, વ્યાવસાયિક અને આધ્યાત્મિક જીવનમાં સફળતા મેળવે છે.

કેમ્પની અંતિમ દિવસે બાળકોને આપેલ મોડયુલ્સની સમજણની ચકાસણી કરવા માટે ક્વીઝ કોમ્પીટીશનનું પણ આયોજન કરવામાં આવ્યુ હતું. દરેક વિદ્યાર્થીઓ દ્વાર કરવામાં આવેલ પ્રયત્નોને કોર્સ સર્ટિફિકેટ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા અને સર્વોચ્ચ પદ હાંસલ કરનારને સર્ટિફિકેટ અને ટ્રોફી આપવામાં આવ્યા હતા.

આ સમર-કેમ્પના ભાગરૂપે, ભારતીય તત્વજ્ઞાનની સમજ આપતા ખાસ વર્ગોનું આયોજન કરવામાં આવ્યુ હતું જે બાળકોને આપણા દેશના મહાનસંતો અને તત્વજ્ઞાનીઓ દ્વારા વયજૂના સમયવાર આપવામાં આવેલ શીખામણોને જાણવામાં મદદરૂપ થયા હતા. તેમજ આ મોડયુલ્સ બાળકોને યોગ્ય મૂલ્યો પ્રાપ્ત કરવા અને અર્થપૂર્ણ જીવન જીવવા માટે મદદરૂપ બનશે. આ ઉપરાંત બાળકોને તેમની આંતરિક પ્રતિભ જાણવાની તક મળી હતી અને તેમની પસંદગીના માડયુલ્સમાં ભાગ લઈને તેમની રચનાત્મક કુશળતા વધુ સારી બની હતી. ગુજરાતના ઐતિહાસિક સ્થળોની એક દિવસીય સાંસ્કૃતિક યાત્રાનું આયોજન કરવામાં આવ્યુ હતું જેણે બાળકોમાં આપણા અમૂલ્ય સાંસ્કૃતિક અને હેરિટેઝ વારસાની પ્રેમભરી છાપ ઉભી કરી હતી.

# પ્રભુ મહાવીરના ભાલે સૂર્યતિલકનાં દર્શન



ગાંધીનગર, તા. ૨૩

અમદાવાદ-ગાંધીનગર હાઈવે ખાતે આવેલા શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા ખાતે સોમવારે સતત ૩૦મા વર્ષે ભગવાન મહાવીરના ભાલે કુદરતી રીતે જ સૂર્યતિલકનાં દર્શન રાષ્ટ્રસંત આચાર્ય પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં થયા હતા. આ અલૌકિક નજારો જોવા માટે ગુજરાતનાં વિવિધ શહેરો ઉપરાંત રાજસ્થાન, મહારાષ્ટ્રથી પણ શ્રદ્ધાળુઓ આવ્યા હતા. સાથે જ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સહિત વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. શ્રદ્ધાળુઓનાં પ્રવાહને ધ્યાનમાં રાખીને ક્લોઝ સર્કિટ ટીવીની પણ વ્યવસ્થા રાખવામાં આવી હતી.

દર વર્ષે દર્શનાર્થીઓની સંખ્યામાં વધારો થતો રહ્યો છે અને આ વર્ષે ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, રાજસ્થાનથી પણ શ્રદ્ધાળુઓ દર્શન કરવા માટે આવ્યા હતા.

રવિવારે અચાનક વાતાવરણમાં પલટો આવી જતાં અનેક શ્રદ્ધાળુઓના ફોન પણ આવ્યા હતા કે આવતીકાલે વાતાવરણ સારું રહે તો જ દર્શન થઈ શકશે. જો કે એમને એક વિશ્વાસ અને શ્રદ્ધા છે કે સતત ૩૦ વર્ષથી અખંડ રીતે આ સૂર્યતિલકનાં દર્શન થાય છે અને આ વર્ષે પણ એવું જ બન્યું કે આજે કોઈપણ પ્રકારનું માવઠું કે વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું નહીં અને સારી રીતે બધાને દર્શન થઈ શક્યા. ખાસ કરીને રાષ્ટ્રસંત પૂજ્ય આચાર્ય પદ્મસાગર-સૂરીશ્વરજી મ.સા.ની નિશ્રા પણ હોવાથી સોનામાં સુગંધ ભળે તેમ લોકોને સૂર્યતિલક અને રાષ્ટ્રસંતના દર્શન કર્યા હતા.

# સ્મૃતિઓ : સંજોગોની મોહતાજ પણ નથી અને ક્યારેય ઘરડી પણ થતી નથી

ગુજરાતી ભાષાના લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકાર અને પત્રકાર શ્રી હરિન્દ્ર દવેનું એક ખૂબ જ પ્રચલિત અને સુંદર ગીત છે. એ ગીતમાં નાનીનાની વિવિધ ઘટનાનું વર્ણન છે અને એ ઘટનાઓની સાથેસાથે વ્યક્તિને પોતાના પ્રિયજનની જે રીતે યાદ આવે છે તેનું પણ ભાવવાહી વર્ણન છે. ચાલો, આપણે જોઈએ કે કેવીકેવી ઘટનાઓમાં ગીતની નાયિકાને પ્રિયજનની યાદ સતાવે છે; 'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા, એક તરણું કોળ્યું ને તમે યાદ આવ્યા, ક્યાંક પંખી ટહુકયું ને તમે યાદ આવ્યા, એક તારો ટમક્યો ને તમે યાદ આવ્યા, જરા ગાગર છલકી ને તમે યાદ આવ્યા, સહેજ ચાંદની છલકી ને તમે યાદ આવ્યા, કોઈ ઠાલું મલક્યું ને તમે યાદ આવ્યા, કોઈ આંખે વળગ્યુ ને તમે યાદ આવ્યા, અને છેલ્લે, એક પગલું ઉપડયું ને તમે યાદ આવ્યા.'



મનુષ્યને પાંચ જ્ઞાનેન્દ્રિયો હોય છે. આ પાંચેય જ્ઞાનેન્દ્રિયો સાથે મનુષ્યની સ્મૃતિઓને ગાઢ સંબંધ છે. આ પાંચેય જ્ઞાનેન્દ્રિયો દ્વારા માણસની સ્મૃતિઓ ઢંઢોળાય શકે છે, ઉત્તેજીત થઈ શકે છે. આ પાંચ જ્ઞાનેન્દ્રિયો એટ્લે કર્ણેન્દ્રિય, સ્પર્શ ઈન્દ્રિય, ચક્ષુ ઈંદ્રિય, રસઈંદ્રિય, અને ધ્રાણ ઈંદ્રિય. વ્યક્તિની આંખ કોઈને જુવે કે કોઈક દશ્ય જૂવે અને તેના સ્મૃતિપટમાં સ્મૃતિઓ સળવળે એવું બને, વ્યક્તિના કાન કઈક સાંભળે અને તેના મનમાં કોઈ સ્મૃતિઓના મીઠા સૂર રેલાય એવું બને, વ્યક્તિના નાકમાં કઈક સુગંધ આવે અને મનમાં સ્મૃતિઓની મહેક ફેલાય જાય એવું બને, વ્યક્તિની જીભને કોઈ સ્વાદ ચાખવા મળે અને વ્યક્તિ પોતાને ભાવતી સ્વાદિષ્ટ સ્મૃતિઓને ચગળવા લાગે એવું બને અને વ્યક્તિના શરીરને કઈક સ્પર્શે અને તેના શરીરમાં સ્મૃતિઓનો સળવળાટ થાય એવું બને. આમ કોઈ ઘટના કે પ્રસંગોની સાથેસાથે વ્યક્તિની જ્ઞાનેન્દ્રિયો પણ વ્યક્તિને પોતાના તેને સ્મૃતિપ્રદેશમાં લઈ જઈ શકે છે.

દરેક વ્યકિતને પોતાના ભૂતકાળની ખટ્ટ-મીટ્ઠી યાદોને ફંફોળવી ગમે છે, ફંફોસવી ગમે છે, ઢંઢોળવી ગમે છે અને વાગોળવી પણ ગમે છે. એ યાદો ગઈકાલની હોય શકે, મહિના પહેલાની હોય શકે, વર્ષ કે વર્ષો પહેલાની પણ હોય શકે. યાદો ક્યારેય જૂની નથી થતી. યાદ જ્યારે પણ આવે, હંમેશા તાજી ને તાજી, આહલાદક!

દરેક વ્યક્તિના હૃદયના કોઈ એક ખૂણામાં એક નાનકડો સુંદર મજાનો ઓરડો હોય છે. એ ઓરડામાં વ્યક્તિની પોતાના ભૂતકાળની યાદો અકબંધ રીતે સંગ્રહાયેલી પડેલી જ હોય છે. વ્યક્તિ ગમે ત્યારે, ગમે એટલીવાર, એ ઓરડામાં લટાર મારી શકે છે. વ્યક્તિને પોતાના આ યાદોના સુંદર નાના ઓરડામાં વારંવાર ટહેલવું પણ ખૂબ જ ગમતું હોય છે. વ્યક્તિ ક્યારેક અચાનક, ક્યારેક હેતુપૂર્વક પણ નિયમિતરીતે એ ઓરડામાં લટાર મારતી રહે છે અને પોતાના મન અને હૃદયને પ્રફુલ્લિત કરતી રહે છે.

**આવો જીવીએ શાનદાર**

**વિનોદ અમલાણી**

vamlani@yahoo.co.uk

વ્યકિત જ્યારે પોતાના ભૂતકાળની યાદોને ફંફોળે કે ઢંઢોળે છે ત્યારે પોતે ભૂતકાળમાં જીવેલી ક્ષણોને જીવંત કરે છે. સાથેસાથે જે વ્યક્તિઓ સાથે એ ક્ષણોને વિતાવી હોય, એ વ્યક્તિઓને પણ જીવંત કરે છે. કેટલીક ક્ષણો એવી પણ હોય છે જ્યાથી વ્યક્તિએ પોતાના જીવનની કોઈક પ્રકારની સફર શરૂ કરી હોય અને પોતાના વર્તમાન મુકામ સુધી પહોચી હોય.

આ પ્રકારની સફર જે ક્ષણથી શરૂ કરી હોય એ ક્ષણથી માંડીને વર્તમાન મુકામ સુધીની પોતાની સફરની યાદો જ્યારે તાજી થાય છે ત્યારે વ્યક્તિએ ખેડેલી આખી સફરના દશ્યો તેની આંખ સામેથી ચિત્રપટની જેમ પસાર થઈ જાય છે અને એ ક્ષણે વ્યક્તિની આંખો તો ભીની થાય છે સાથેસાથે વ્યક્તિનું હૃદય પણ ભીનું થઈ જાય છે.

વ્યક્તિની યાદો કે સ્મૃતિઓ સંજોગોની મોહતાજ નથી કે કોઈ ઘટના કે પ્રસંગ બને તો અને તો જ તેના પ્રિયજનની યાદ આવે. વગર પ્રસંગે, કોઈ જ પ્રકારના બહાના વિના પણ વ્યક્તિ પોતાના પ્રિયજન કે સ્નેહીજનની યાદોને ચૂપચાપ, છાની-છપની, કોઈને અણસાર પણ ના આવે એવી રીતે પોતાની યાદોને વાગોળી લઈને છુપો આનંદ માણી જ લેતી હોય છે. યાદોને છાની-છપની વગોળીને છુપો આનંદ માનવો એ પણ એક નિજી લ્હાવો છે. યાદોને લઈને કેટલાક લોકો એવું માનતા હોય છે કે જીવનમાં સુખી થવાના બે જ રસ્તા છે; કાં તો બધુ ભૂલી જઈએ અને કાં તો કઈ જ યાદ ના રાખીએ. હકીકતમાં આ બેમાથી કશું જ શક્ય નથી કારણ, કે માનવીનું મગજ વિડીયો કેસેટ જેવુ હોય છે. તેમાં ભૂતકાળની બધી જ યાદો, સ્મૃતિઓ, ઘટનાઓ અને પ્રસંગો રેકોર્ડ થયેલા હોય છે. જેવી રીતે કેસેટને રિવાઈન્ડ કરીએ અને તેમાં રેકોર્ડ થયેલું દશ્ય આપણે ધારીએ ત્યારે, ગમે એટલીવાર જોઈ શકીએ છીએ એવી જ રીતે આપણી યાદોને કે સ્મૃતિઓને પણ આપણે ગમે ત્યારે, ગમે એટલીવાર રિવાઈન્ડ કરીને વાગોળી શકીએ છીએ, દશ્યમાન કરી શકીએ છીએ. હા, મનની કેસેટનું તો એવું છે કે કોઈપણ પ્રકારના પ્રયત્નો વિના પણ એ ગમે ત્યારે, અચાનક, આપમેળે, રીવાઈન્ડ થઈ જાય અને કેટલીક સ્મૃતિઓ, કેટલાક દશ્યો આપણી ભીની પાંપણોમાં છવાઈ જાય.

આપણી સ્મૃતિઓ ઉમરની પણ મોહતાજ નથી. આપણી સ્મૃતિઓને આપણી ઉમર સાથે કોઈ જ લેવાદેવા નથી. કોઈપણ ઉમરે, કોઈપણ ઉમરની યાદો ઢંઢોળાતી રહે છે. સો વર્ષનું આયુષ્ય ભોગવ્યા પછી પણ, જીવનના છેલ્લા શ્વાસે પણ બચપણની કે યુવાનીની યાદો સળવળી શકે છે.

જેવી રીતે આપણી યાદોને આપણી ઉમર સાથે કોઈ જ નિસ્બત નથી એવી જ રીતે આપણી યાદોને પણ કોઈ ઉમર નથી હોતી. યાદો ક્યારેય ઘરડી થતી નથી. વ્યક્તિ પોતાના ઘડપણના આરે ઊભા રહીને પોતાના બચપણની યાદોને વાગોળે છે ત્યારે તેને પોતાનું બચપણ જ દેખાય છે અને પોતે વિતાવેલી બચપનની ક્ષણોના બાળસાથીઓ પણ એ ઉમરના જ દશ્યમાન થાય છે. એમાંયે જો બચપણના બે-ચાર મિત્રો ભેગા થઈ જાય અને સૌ સાથે મળીને જ્યારે પોતાના બચપણની યાદોને વગોળે છે ત્યારે તો એક્ષણોમાં એ પોતાના બચપણમાં જ ખોવાઈ જઈને પોતાનું બચપણ જીવી લે છે. પોતાની બચપણ સ્મૃતિઓમાં પોતાનું બચપણ ક્યારેય ઘરડું નથી થતું.

(ક્રમશઃ)

# આરટીઆઈ હેઠળ ૧૩ ટકા વિદ્યાર્થીઓના પ્રવેશ મુકરર

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત વિદ્યાર્થીઓને ઓનલાઈન પ્રવેશ ફાળવવામાં આવ્યા હતા. જેમાં અમદાવાદમાં ૧૦૮૨૩ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. પરંતુ અત્યાર સુધી આશ્ચર્યજનક રીતે ૧૩ ટકા વિદ્યાર્થીઓના જ હજુ સુધી પ્રવેશ કન્ફર્મ થયા છે. વાલીઓને ૨૫ મે સુધીમાં પ્રવેશ કન્ફર્મ કરાવવા માટે સૂચના આપવામાં આવી હતી. પરંતુ દૂરની સ્કૂલના પ્રવેશ અને પસંદગીની સ્કૂલમાં પ્રવેશ ન મળતા અનેક વાલીઓએ હજુ સુધી પ્રવેશ કન્ફર્મ કરાવ્યા નથી. અમદાવાદ ડીઈઓ કચેરી ખાતે ૭૫૦૦ જેટલા વાલીઓએ પ્રવેશને લઈને વાંધાઅરજી રજૂ કરી છે. જેની કાર્યવાહી ટૂંકમાં પૂર્ણ થશે. બીજી બાજુ ડીઈઓ કચેરી ખાતેથી સ્કૂલમાં જઈને વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ કરાવવા માટેની સૂચના આપવામાં આવી છે. આરટીઆઈની પ્રવેશ કાર્યવાહી ઓનલાઈન હાથ ધરવામાં આવી હતી. જેમાં સમગ્ર રાજ્યના ૬૨ હજાર જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. જેમાં અમદાવાદ શહેરમાં ૧૦૮૨૩ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયો હતો. વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવ્યા બાદ તેમને ૧૫મેથી ૨૫મે સુધીમાં પ્રવેશ કન્ફર્મ કરાવી લેવા માટે સૂચના આપી હતી. જોકે મુદત પૂર્ણ થવાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, પરંતુ હજુ સુધી અનેક વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ થયા ન હોવાની વિગતો પ્રકાશમાં આવી છે.

ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં ૧૦૮૨૩ વિદ્યાર્થીઓને આરટીઈ અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. પરંતુ તે પૈકી અત્યાર સુધી માત્ર ૧૪૨૪ વિદ્યાર્થીઓએ જ પ્રવેશ કન્ફર્મ કરાવ્યા હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. પ્રવેશની ફાળવણી વખતે અનેક વિદ્યાર્થીઓને દૂરની સ્કૂલમાં પ્રવેશ મળ્યો હતો. ઉપરાંત ઘણા વિદ્યાર્થીઓને પસંદગીની સ્કૂલમાં પ્રવેશ મળ્યો ન હતો. જેના પગલે વાલીઓએ ડીઈઓ કચેરીમાં વાંધા અરજી રજૂ કરી હતી.